❀ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ❀

# श्री चोवीश जिनना
# प्राचीन स्तुति–चैत्यवंदन–स्तवन
## —: थोयादि संग्रह :—

—संपादक—

**प. पू. मुनिराज श्री अरुणविजयजी महाराज**

कार्यालय—८५/२४, 'श्याम सदन, ६ठे माळे अेफ. रोड, मरिन ड्राइव,
मुंबई–४०० ००२. फोन : ३१४९७८/२९१६२७

❀ श्री महावीर स्वामीने नमः ❀

❀ श्री वृद्धि–धर्म–भक्तिसूरीश्वर सद्गुरुभ्यो नमः ❀

# श्री महावीर विद्यार्थी कल्याण–केन्द्र

केन्द्र संस्थापक—

## अ. सौ. श्रीमति शान्ताबेन गुलाबचंद जैन


सलाहकार समिति––

❀ समाज रत्न जयन्तिलाल रतनचंद शाह

❀ श्री दीपचंदभाई एस. गार्डी, बार–अेट–लो.

❀ प्रसिद्ध तत्वचिंतक श्री किरणभाई

❀ प्रोफेसर रमणलाल चि. शाह

ट्रस्टी मंडळ––

❀ प्रमुख–हिमांशु सुरेन्द्रभाई महेता

ट्रस्टी ५३७, चोपाटी चेम्बर, ५ मे माळे, ब्लोक नं. १०,
चोपाटी, मुंबई–४०० ००७. फोन : ३८९७३४

❀ सेक्रेटरी–नरेन्द्र उदयचंद जैन

ट्रस्टी ८५/२४, श्याम सदन ६ ठे माळे, अेफ. रोड,
मरीन ड्राईव, मुंबई–४०० ००२.
फोन : ३१ ३९ ७८/२९ १६ २७

❀ खजानची–नीतिन रमणलाल पटणी

ट्रस्टी १६५, लुहारचाल, ५½–अमृत निवास, ३ जे माळे,
मुंबई–४०० ००२. फोन : २९ ७० ९९

❀ ट्रस्टी महेश महासुखलाल शाह
रुपम ट्रेडर्स, १२४/४२, प्रिन्सेस स्ट्रीट,
मुंबई –४०० ००२. फोन : ३१ २२ ९८/३१ ५५ ४२

❀ ट्रस्टी– मयुर नटवरलाल कापडीया
२–सी केसल, २९, चोपाटी, सी फेस, १ ले माळे,
चोपाटी, मुंबई–४०० ००७. फोन : ३५ २९ ६८.



जन्म २७-९-१९४८ ]                                        [ स्वर्गवास ९-७-१९७९

**स्व. श्री कीर्तिकुमार प्राणलाल दोशी**

## उदारदिल धर्मप्रिय सुसंस्कारी सौजन्यमूर्ति
## स्व. श्री कीर्तिकुमार प्राणलाल दोशी
### ❀ नी स्मृतिमां सस्नेह समर्पण ❀

| | |
|---|---|
| प्राणलाल कानजीभाई दोशी | कंचनबेन प्राणलाल दोशी |
| डॉ. दिनेश प्राणलाल दोशी | जयश्री दिनेशकुमार दोशी |
| शरदकुमार प्राणलाल दोशी | भारती कीर्तिकुमार दोशी |

दर्शना, नीधि, विमल, कीर्तिलाल ❖ अवनी, दिनेशकुमार, दोशी परिवार

भावनगर निवासी (हाल मुंबई)

तपस्वीनि बारव्रतधारी सुश्राविका अ. सौ.

**श्रीमती कंचनबेन प्राणलाल दोशी**

अने

व्रतधारी, आराधक श्रावक

**श्री प्राणलाल कानजीभाई दोशी**

आदि दोशी परिवारना सौजन्यथी प्रस्तुत पुस्तिका

**श्री महावीर विद्यार्थी कल्याण-केन्द्र**

छपावी प्रसिद्ध करी छे.

शुभं भवतु

# स्व. चि. कीर्तिकुमार प्राणलाल दोशी

## —: मधुर यादगार संस्मरणो :—

## संस्कार नो सुंदर वारसो

हजु मने याद आवे छे... मारी बा अमने ज्यारे अमे नाना हता (लगभग ५ थी ६ वर्ष ना) त्यारे दहेरासरे दर्शन करवा जाय अथवा उपाश्रये व्याख्यान श्रवण करवा जाय, त्यारे अमने साथे लई जता. बा जेम करे तेम अमे पण करता.

मारी बा अेमना आयुष्यना छेल्ला वर्षोमां घणां बिमार हता. छता पण तेमने क्यारेय बिआसणा ना पच्चक्खाण छोड्या न होता. तेमनी दृढता अेटली बधी हती के–डाक्टरोने अने अमने पण कही देता के सूर्यास्त पछी मारा मोढामां पाणी पण नाखता नहीं. आवी दृढताथी अमने पण माता ना संस्कार मळ्या.

संस्कार नो वारसो वंश परंपरामां आपवो अे तो माता-पितानुं कर्तव्य होय छे. कहेवाय पण छे के—'संस्कारी संतति एज साची संपत्ति छे."

कीर्तिकुमारने अमे बाल्यवयथी सारा संस्कार आप्या. व्याख्यान तथा दर्शन-पूजा मां नियमित लई जता. गोवालिया टैंक थी कोटमां व्याख्यान सांभळवा जवुं होय त्यारे कीर्तिपण ८–०० वागे तैयार थई जतो. अने अमारी राह जोतो, क्यारेक मोडु थई जतु तो कीर्ति नाराज थतो. आवी रीते एक नाना दाखला उपर थी समजाय छे के अे आत्मा पूर्वजन्म नो आराधक श्रद्धालु जीव हशे.

"सव्वे जीवावि इच्छन्ति जीवितुं, न मरिज्जिउं" आ प्रमाणे भगवान महावीरस्वामीअे आगमों मां कह्युं छे के "प्राणी मात्र जगतमां जीववा इच्छे छे. कोई पण मरवा नथी इच्छतु." माटे परदु:खोत्पादक प्रवृत्ति क्यारे पण करवी योग्य नथी. आवी पायानी शिखामण अमे कीर्ति ने आपता.

अषाढी चौदसनो अे दिवस हतो, सवारे अमने मळवा अने पगे लागवा कीर्ति वालकेश्वर ना घरे आव्यो. बाहर जवानी वात करी. अमे कह्युं दिवस छता पाछा आवी जजो. रातना गाडी चलाववी नही. कीर्तिअे कह्युं–भाई तमे बिल्कुल फिकर न करो, अमे फरीने वहेला आवी जइशुं. आटलुं कहीने कीर्तिअे विदाय लीधि...कोने खबर के अे छेल्ली विदाय हशे.

बे कलाक पछी समाचार आव्या के लोणावळा जता अकस्मात थयो छे. बधा जल्दी आवी जाओ...

परन्तु मृत्यु कोई नी राह जोती नथी. अमे पहोंचीअे ते पहेला तो कीर्ति चिरयात्राअे पहोंची चुकेलो. साथे रहेला शरदे समाचार आप्या के दया अने करूणानी भावना थी एक माणसनुं जीवन बचाववा जता गाडी ऊंडा खाडामां पडी गई अने आ बनाव बन्यो. कीर्तिकुमार समतापूर्वक नवकार महामंत्रनुं स्मरण करता करता हसता मोढे गया...

संस्कार ना वारसाए भावना जगाडी.

चोवीश जिननी भक्ति विविध रीते स्तुति, चैत्यवंदन स्तवन–तथा थोयादि द्वारा पण सुंदर रीते करी शकाय छे. माटे कीर्ति नी याद मां अमारा दोशी परिवार तरफथी प्रस्तुत पुस्तिका प्रसिद्ध कराई रही छे. भाविक आत्माओ प्रस्तुत पुस्तिकाना माध्यम थी प्रभुगुण भक्ति करीने आत्मकल्याण साधो. अेज अभ्यर्थना.

११/२ गार्डन व्यु सोसायटी.
गोवालिया टैंक:
मुंबई-४०० ०१६.
ता. ४–५–१९८१

प्राणलाल के. दोशी.

# चोवीश तीर्थंकर प्रभुनी स्तुतिओ, चैत्यवंदन स्तवन तथा थोयो

## १. श्री आदीश्वर भगवंतनी स्तुति :-

जेणे कीधी सकल जनता नीतिने जाणनारी,
त्यागी राज्यादिक विभवने जे थया मौनधारी;
व्हेतो कीधो सुगम सबलो, मोक्षनो मार्ग जेणे,
वंदुं छुं ते "ऋषभजिनने" धर्म धोरी प्रभुने ॥

### चैत्यवंदन :-

आदि देव अलवेसरू, विनीतानो राय,
नाभिराय कुलमंडणो, मरुदेवा माय ॥१॥
पांचसे धनुषनी देहडीओ प्रभु जी परम दयाल,
चोरासी लाख पूर्वनुं, जस आयु सुविशाल ॥२॥
वृषभलंछन जिन वृषधरु ओ उत्तम गुणमणी खाण,
तस पदपद्म सेवन थकी, लहीओ अविचल ठाण ॥३॥

### स्तवन :-

प्रथम जिनेश्वर प्रणमीये...जास सुगंधी रे काय;
कल्पवृक्ष परे तास, इन्द्राणी नयन जे, भृंगपरे लपटाय ॥१॥ प्रथम.
रोग उरग तुज नवि नडे, अमृत जे आस्वाद;

तेहथी प्रतिहत तेह, मानुं कोई नवि करे, जगमां तुमशुं रे वाद ॥२॥
विगर धोई तुज निरमली, काया कंचन वान;
नहि प्रस्वेद लगार, तारे तुं तेहने, जे धरे ताहरुं ध्यान ॥३॥ प्र.
राग गयो तुज मन थकी, तेहमां चित्र न कोय,
रुधिर आमिषथी राग, गयो तुज जन्मथी दूध सहोदर होय ॥४॥ प्र.
श्वासोच्छवास कमल समो, तुज लोकोत्तर वात;
देखे न आहार-निहार, चरमचक्षु धणी, अेहवा तुज अवदात ॥५॥ प्र.
चार अतिशय मूलथी, ओगणीश देवना कीध;
कर्मखप्याथी अग्यार, चोत्रीश अेम अतिशया समवायांगे प्रसिद्ध ॥६॥ प्र
जिन उत्तम गुण गावतां, गुण आवे निज अंग;
पद्मविजय कहे अेह, समय प्रभु पालजो जिम थाउं अक्षय अभंग ॥७॥

## थोय :–

आदि जिनवर राया, जास सोवन्न काया,
मरुदेवी माया, धोरी लंछन पाया।
जगतस्थिति निपाया, शुद्ध चारित्र पाया,
केवलसिरी राया, मोक्ष नगरे सिधाया ॥

## २. श्री अजितनाथ भगवंतनी स्तुति :–

जेने स्तवे सुरवरो बहु भक्ति भावे,
योगीश्वरो सतत जेहनुं ध्यान ध्यावे,
जेना अलौकिक गुणो न गणी शकाये,
ते सेविये **अजितनाथ** विभु सदाये,

## चैत्यवंदन :–

अजितनाथ प्रभु अवतर्यो, विनीतानो स्वामी;
जितशत्रु विजया तणो, नंदन शिव गामी ॥१॥
बोतेर लाख पूरव तणुं, पाल्युं जिणे आय;
गज लंछन लंछन नहिं; प्रणमे सुर राय ॥२॥
साडा चारशे धनुषनी अे, जिनवर उत्तम देह;
पाद पद्म तस प्रणमीअे, जिम लहीये शिव गेह ॥३॥

## स्तवन :–

प्रीतलडी बंधाणी रे अजित जिणंदशुं,
कांई प्रभु पाखे क्षण एक मने न सुहाय जो;
ध्यानमी ताली रे लागी नेहशुं,
जलदघटा जीम शिवसुख वाहन दायजो. प्रीत......॥१॥
नेह घेलुं मन मारुं रे, प्रभु अलजे रहे,
तन मन धन ए कारणथी प्रभु मुजजो;
मारे तो आधार रे साहिब रावलो,
अंतरगतनुं प्रभु आगळ कहुं मुंजजो. प्रीत......॥२॥
साहेब ते साचो रे जगमां जाणीअे, सेवकना ते सहेजे सुधारे काज जो,
अेहवेते आचरणो केम करीने रहुं, बिरुद तुमारो तारण तरण जहाज जो ॥३॥
तारकता तुज मांहे रे श्रवणे सांभळी, ते भणी हुं आव्यो छुं दीन दयाल जो,
तुज करुणानी लहेरे मुज कारज सरे, शुं घणुं कहीअे जाण आगल कृपाल जो ॥४॥
करुणा दृष्टी कीधी रे सेवक उपरे, भव भव भावठ भांगी भक्ति प्रसंग जो,
मनवांछित फलीयां रे जिन आलंबने, कर जोडीने मोहन कहे मन रंग जो
प्रीतलडी... ॥५॥

**थोय :-**

विजया सुत वंदो, तेजथी ज्युं दिणंदो,
शीतलताओ चंदो, धीरताओ गिरींदो,
मुख जिम अरविंदो, जास सेवे सुरींदो,
लहो परमानंदो, सेवना सुख कंदो ॥१॥

## ३. श्री संभवनाथ भगवाननी स्तुति :

आनंद मंगलकारी तुज मूर्ति साचे,
मेघो जन्म निरखीं भव्य मयूर नाचे,
पुण्ये मळे विमल दर्शन आप केरा
दूर टळे त्वरित **संभवनाथ** फेरा,

**चैत्यवंदन :**

सावथ्थी नयरी धणी, श्री संभवनाथ;
जितारी नृप नंदनो, चलवे शिव साथ ॥१॥
सेना नंदन चंदने, पूजो नव अंगे ।
चारशे धनुषनुं देहमान, प्रणमों मन रंगे ॥२॥
साठ लाख पूरव तणुओ, जिनवर उत्तम आय ।
तुरग लंछन पद पद्मने, नमतां शिवसुख थाय ॥३॥

**स्तवन :**

संभव जिनवर विनति, अवधारो गुण ज्ञातारे ।
खामी नहिं, मुज खिजमते, कदिये होशो फलदातारे ॥४॥

कर जोडी उभो रहुं, रात दिवस तुम ध्यानोरे ।
जो मनमां आणो नहि, तो शुं कहिअे छानोरे ॥२॥
खोट खजाने को नहि, दीजीये वांछित दानोरे ।
करुणा नजर प्रभुजी तणी, वाधे सेवक वानोरे ॥३॥
काल लब्धि मुज मति घणो, भाव लब्धि तुम हाथेरे ।
लडथडतुं पण गज बच्चुं, गाजे गयवर साथेरे ॥४॥
देशो तो तुमही भला, बीजा तो नवि याचुंरे ।
वाचक जश कहे सांइशुं, फळशे अे मुज साचुंरे ॥५॥

**थोय :-**

संभव सुखदाता, जेह जगमां विख्याता ।
षट् जीवना त्राता, आपता सुखशाता ।
माता ने भ्राता, केवलज्ञान ज्ञाता,
दुःख दोहग व्राता, जास नामे पलाता ॥१॥

## ४. श्री अभिनंदनस्वामीनी स्तुति :

संसार सागर विषे भमता जनोने ।
छे आपनुं शरण अेक ज तारवाने ।
अर्पी सुबोध भवथी अमने उगारो ।
**चोथा जिनेश** विनति उरमां उतारो ।

**चैत्यवंदन :-**

नंदन संवर रायनो, चोथा अभिनंदन ।
कपि लंछन वंदन करो, भव दुःख निकंदन ॥१॥

सिद्धारथा जस मावडी, सिद्धारथ जिन राय ।
साडा त्रणशें धनुष मान, सुंदर जस काय ॥२॥
विनीता वासी वंदिये अे आयु लख पचास ।
पूरव तस पद पद्मने, नमतां शिवपूर वास ॥३॥

## स्तवन :–

अभिनंदन जिन दरिशन तरसीये, दरिशन दुर्लभ देव;–
मत मत भेदे रे जो जई पूछीअे, सहु थापे अहमेव, अ.–१
सामान्ये करी दरिशन दोहिलु, निर्णय सकल विशेष;
मदमें घेर्यो रे अन्धो किम करे, रवि शशी रुप विलेख, अ.–२
हेतु विवादे हो चित्त धरी जोईये, अति दुर्गम नयवाद;
आगमवादे हो गुरुगम को नहि, अे सबलो विखवाद, अ.३
घाती डुंगर आडा अती घणा, तुज दरिशण जगनाथ;
धीठाई करी मारग संचरु, सेंगु कोई न साथ; अ.–४
दरिशण दरिशण जो रटतो फिरूं, तो रण रोज समान;
जेहने पिपासा हो अमृतपाननी, किम भांजे विषपान, अ.–५.
तरस न आवे हो मरण जीवनतणी, सीझे जो दरिशण काज;
दरिशण दुर्लभ सुलभ कृपा थकी, आनंदघन महाराज, अ.-६.

## थोय :–

संवरसुत साचो, जास स्याद्वाद वाचो;
थयो हीरो जाचो, मोहने देई तमाचो,
प्रभु गुणगण माचो, अेहने ध्याने राचो,
जिनपद सुख साचो, भव्य प्राणी निकाचो.

# ५. श्री सुमतिनाथ प्रभुनी स्तुति :

वाणी जिनेन्द्र तुज अद्‌भुत जे सुणे छे,
पीयूषने तृण समान अ ते गणे छे,
मिथ्यात्व मोह हरनार कुबुद्धि कापो,
स्वामीश ! हे **सुमतिदेव !** सुबुद्धि आपो.

**चैत्यवंदन :–**

सुमतिनाथ सुहंकरु, कौशल्या जस नगरी,
मेघराय मंगला तणो, नंदन जितवयरी ॥१॥
क्रौंच लंछन जिन राजियो, त्रणसे धनुषनी देह,
चालीस लाख पूरवतणुं, आयु अति गुण गेह ॥२॥
सुमति गुणे करी जे भर्यांअे, तर्यां संसार अगाध,
तस पद पद्म सेवा थकी, लहो सुख अव्याबाध ॥३॥

**स्तवन :–**

सुमतिनाथ गुणशुं मिलीजी, वाधे मुज मन प्रीत ।
तेल बिंदु जिम विस्तरेजी, जल माहे भली रीत,
सोभागी जिनशुं लाग्यो अविहड रंग ॥१॥ सोभागी...
सज्जनशु जे प्रीतडीजी, छानी ते न रखाय,
परिमल कस्तुरीतणोजी, मही माहे महकाय ॥२॥ सोभागी ..
अंगुलीये नवि मेरु ढंकाये, छाबडीये रवि तेज,
अंजलिमां जिम गंग न माये, तिम मुज मन प्रभु हेज ॥३॥ सोभागी..
हुओ छीपे नहि अधर अरुण जिम, खाता पानसुरंग,
पीवत भर भर प्रभु गुण प्याला, तिम तुज मुज प्रेम अभंग ॥४॥ सोभागी..
ढांकी ईक्षु फरालशुंजी, न रहे लहि-विस्तार,
वाचक यश कहे प्रभु तणोजी, तिम मुज प्रेम प्रकार ॥५॥ सोभागी..

**थोय :**

सुमति सुमतिदायी, मंगला जाय माई,
मेरुने वली राई, ओर अेहने तुलाई;
क्षय कीधा घाई, केवलज्ञान पाई;
नहिं उणिम कांई, सेवियें ते सदाई ॥१॥

## ६. श्री पद्मप्रभुस्वामीनी स्तुति :

जेनी सुरम्य प्रतिमां हितबोध आपे,
जेनी सुचारु नयनो चिरशांति थापे;
सेवा भवोभव विषे **पद्मप्रभु** केरी,
होजो सदा जिम नडे नहि कर्म वेरी.

**चैत्यवंदन :**

कोसंबीपुर राजियो, धर नरपति ताय,
पद्मप्रभु प्रभुता मयी, सुसिमा जस माय ॥१॥
त्रीश लाख पूरव तणुं, जिन आयु पाली;
धनुष अढीशे देहडी, सवि कर्मने टाली ॥२॥
पद्म लंछन परमेश्वरू अे, जिन पद पद्मनी सेव;
पद्मविजय कहे कीजिअे, भविजन सहु नित्यमेव ॥३॥

**स्तवन :**

पद्मप्रभु जिन जई अलगा रह्या, जिहांथी नावे लेखोजी,
कागळ ने मसि तिहां नवि संपजे, न चले वाट विशेषोजी,

सुगुण सनेहारे कदिय न वीसरे ॥१॥ सु...
ईहांथी तिहां जई कोई आवे नहि, जेह कहे संदेशोजी;
जेहनुं मिलवुंरे दोहिलुं, तेहशुं नेह ते आप किलेशोजी ॥२॥ सु...
वीतराग शुं रे राग ते अेक पखो, कीजे कवण प्रकारोजी;
घोडो दोडे रे साहिब काजमां, मन नाणे असवारोजी ॥३॥ सु...
साची भक्तीरे भावना रस कह्यो, रस होअे तिहां दोअे रीझेजी;
होडाहोडेरे बेहु रस रीझथी, मनना मनोरथ सीझेजी ॥४॥ सु...
पण गुणवंतारे गोठे गाजीअे, मोटा ते विश्रामोजी;
वाचक जश कहे अेहीज आशरो, सुख लहु ठामो ठामजी ॥५॥ सु...

**थोय :**

अढीशे धनुष काया, त्यक्त मद मोह माया;
सुसीमा जस माया; शुक्ल जे ध्यान ध्याया;
केवल वर पाया, चामरादि धराया;
सेवे सुर राया; मोक्ष नगरे सधाया ॥१॥

❋ ❋ ❋

## ७. श्री सुपार्श्वनाथ भगवंतनी स्तुति :

संसारमां रखडतां बहुकाळ मारो,
अेळे गयो प्रवर धर्म लह्यो न तारो,
आज मळ्यो प्रभु कदी नव नेह छोडुं,
सेवा सुपार्श्व जिननी करी कर्म तोडुं.

## चैत्यवंदन :

श्री सुपास जिणंद पाश, टाल्यो भव फेरो,
पृथिवी माता उरे, जायो नाथ हमेरो ॥१॥
प्रतिष्ठित सुत सुंदरु, वाराणसी राय;
वीश लाख पूरव तणुं, प्रभुजीनुं आय ॥२॥
धनुष बशे जिन देहडी ओ स्वस्तिक लंछन सार;
पद पद्मे जस राजतो, तार तार भव तार ॥३॥

## स्तवन :

श्री सुपास जिनराज, तुं त्रिभुवन शिरताज,
आज हो छाजे रे, ठकुराई प्रभु तुज पदतणीजी ॥१॥
दिव्य ध्वनी सुरफुल, चामर छत्र अमूल;
आज हो राजे रे, भामंडल गाजे दुंदुभिजी ॥२॥
अतिशय सहजना चार, करम खप्याथी अग्यार;
आजे हो कीधा रे, ओगणीशे सुरगण भासुरिजी ॥३॥
वाणी गुण पांत्रीश, प्रातिहारज जगदीश.
आज हो छाजे रे, दीवाजे छाजे आठशुंजी ॥४॥
सिंहासन अशोक बेठा माहे लोक,
आज हो स्वामीरे, शिवगामी वाचक जश थूण्योजी ॥४॥

## थोय :

सुपास जिन वाणी. सांभले जेह प्राणी,
हृदये पहेंचाणी, ते तर्या भव्य प्राणी,
पांत्रीश गुण खाणी, सूत्रमां जे गुंथाणी,
षट् द्रष्यशुं जाणी, कर्म पीले ज्युं घाणी ॥१॥

## ८. श्री चंद्रप्रभ भगवंतनी स्तुति :

शीतांशुथी अधिक शीतल आप स्वामी,
छो सूर्यथी अधिक पूर्ण प्रकाश शाली,
छे आपनुं अगम अद्‌भुत शुद्ध रूप,
**चंद्रप्रभ** प्रभु पदे प्रणमेज भूप ।

### चैत्यवंदन :

लक्ष्मणा माता जनमीयो, महसेन जस ताय,
उडुपति लंछन दीपतो, चंद्रपुरीनो राय ॥१॥
दश लाख पूरब आऊखुं, दोढसो धनुषनी देह,
सुरनरपति सेवा करे, धरता अति ससनेह ॥२॥
चंद्रप्रभ जिन आठमां अे, उत्तम पद दातार,
पद्मविजय कहे प्रणमीअे, मुज प्रभु पार उतार ॥३॥

### स्तवन :

चंद्रप्रभु जिन साहिबारे, तमे छो चतुर सुजाण, मनना मान्या;
सेवा जाणो दासनीरे, देशो पद निरवाण ॥१॥
आवो आवोरे चतुर सुख भोगी, कीजे वात अेकांते अभोगी ।
गुण गोठे प्रगटे प्रेम. म. ॥२॥
ओछुं अधिकुं पण कहे रे, असंगायत जेह, म.
आपे फल जे अण कह्यां रे, गिरुओ साहिब तेह म. ॥२॥
दीन कह्या विण दानधीरे, दातानी वाधे माम, म.
जल दीये चातक खीजवीरे, मेघ हुआ तेणे श्याम. म. ॥३॥
पिऊ पिऊ करी तुमने जपुरे, हुं चातक तुमे मेह, म.
अेक लहेरमां दुःख हरोरे, वाधे बमणो नेह म. ॥४॥
मोडुं वहेलुं आपवुं रे, तो शी ढील कराय, म.
वाचक जश कहे जगधणीरे, तुम तूठे सुख थाय म. ॥५॥

**थोय :**

सेवे सुरवर वृंदा, जास चरणारविंदा,
अट्ठम जिन चंदा, चंद वर्णे सोहंदा;
महसेन नृप नंदा, कापता दुःख दंदा,
लंछन मिष चंदा, पाय मानुं सेविंदा ॥१॥

## ९. श्री सुविधिनाथ स्वामीनी स्तुति :

देखी जिनेन्द्र तुज मूर्ति अमी भरेली,
जेनी मळे न उपमां जगमां भलेरी,
मारुं बने हृदय निर्मळ नीर जेवुं,
तेवुं करो **सुविधिनाथ !** न जन्म लेऊं.

**चैत्यवंदन :**

सुविधिनाथ नवमां नमुं, सुग्रीव जस तात,
मगर लंछन चरणे नमुं, रामा रुडी मात ॥१॥
आयु बे लाख पूरव तणुं, शत धनुषनी काय,
काकंदी नयरी धणी, प्रणमुं प्रभु पाय ॥२॥
उत्तम विधि जेहथी लह्यो, तेणे सुविधि जिन नाम,
नमतां तस पद पद्मने, लहीए शाश्वत धाम ॥३॥

**स्तवन :**

लघु पण हुं तुम मन नवि मावुं रे, जगगुरु तुमने दिलमां लावुं रे,
कुणने ए दीये शाबासीरे, कहो श्री सुविधि जिणंद विमासीरे ॥१॥

मुज मन अणुंमांहे भगति छे झाझीरे, तेह दरीनो तुं छे मांझी रे,
योगी पण जे वात न जाणे रे, ते अचरिज कुणथी हुओ टाणे रे ॥२॥ ल.
अथवा थिरमांहे अथिर न मावे रे, मोटो गज दरपणमां आवे रे,
जेहने तेजे बुद्धि प्रकाशी रे, तेहने दीजे अे शाबाशी रे ॥३॥ ल.
उर्ध्व मूल तरुअर अध शाखा रे, छंद पूराणे अेहवी छे भाषा रे,
अचरिज वाळे अचरिज कीधुं रे, भगते सेवक कारज सीधुं रे, ॥४॥ ल.
लाड करी जे बालक बोले रे, माता पिता मन अमीयने तोले रे,
श्री नय विजय विबुधनो शिषरे, जश कहे अेम जाणो जगदीशरे. ॥५॥

**थोय :**

नरदेव भावदेवो, जेहनी सारे सेवो,
जेह देवाधिदेवो, सार जगमां ज्युं मेवो,
जोता जग अेहवो, देव दीठो न तेहवो,
सुविधि जिन जेहवो, मोक्ष दे तत खेवो ॥१॥

## १०. श्री शीतलनाथ स्वामीनी स्तुति :

जे मुक्तिमां जई वस्या प्रभु देह त्यागी,
जेना नमे चरण पंकज सर्व प्राणी,
सेवा मळो सतत **शीतलनाथ** केरी,
छे भावना मन विषे दिनरात अेवी.

**चैत्यवंदन :**

नंदा दढरथ नंदनो, शीतल शीतलनाथ,
राजा भद्दिलपुर तणो, चलवे शिव साथ ॥१॥

लाख पूरवनुं आउखुं, नेवुं धनुष्य प्रमाण,
काया माया टालीने, लह्या पंचम नाण ॥२॥
श्रीवत्स लंछन सुंदरु अे, पद पद्म रहे जास,
ते जिननी सेवा थकी, लहीअे लील विलास ॥३॥

## स्तवन :

श्री शीतल जिन मोहे प्यारा.....
भुवन विरोचन पंकज लोचन, जिऊं के जिऊं हमारा ॥१॥ श्री शी....
ज्योतिशुं ज्योत मिलन जब ध्यावे. होवत नहि तब न्यारा;
बांधी मुठी खुले भव माया, मिटे महाभ्रम भारा ॥२॥ श्री. शी.
तुम न्यारे तब सबहि न्यारा, अंतर कुटुंब उदारा.
तुम ही नजीक नजीक है सबही, ऋद्धि अनंत अपारा ॥३॥ श्री शी.
विषय लगन की अगनी बुझावत, तुम गुण अनुभव धारा;
भई मगनता तुम गुण रस की, कुण कंचन कुण दारा ॥४॥ श्री शी.
शीतलता गुण होर करत तुम, चंदन काह बिचारा;
नामे ही तुम ताप हरत है, वांकु घसत घसारा. ॥५॥ श्री शी.
करहुं कष्ट जन बहुत हमारे, नाम तिहारो आधारा,
जश कहे जनम मरण भय भांगो, तुम नामे भवपारा ॥६॥ श्री शी.

## थोय :–

शीतल जिन स्वामी, पुण्यथी सेव पामी;
प्रभु आतमरामी, सर्व परभाव वामी,
जे शिवगति गामी, शाश्वतानंद धामी;
भवि शिवसुखकामी, प्रणमीअे शीशनामी ॥१॥

# ११. श्री श्रेयांसनाथ जिन स्तुति :

संसारना त्रिविध तापवडे तप्यो छुं,
आधि-उपाधि वळी व्याधि वडे बळ्यो छुं,
आव्यो जिनेन्द्र ! शरणे मुजने बचावो,
**श्रेयांसनाथ !** भवसागर पार लावो.

## चैत्यवंदन :–

श्री श्रेयांस अग्यारमां, विष्णु नृप ताय,
विष्णु माता जेहनी, अेंशी धनुषनी काय. ॥१॥
वरस चोराशी लाखनुं, पाल्युं जेणे आय,
खड़गी लंछन पदकजे, सिंहपुरीनो राय ॥२॥
राज्य तजी दीक्षा वरीअे, जिनवर उत्तम ज्ञान,
पाम्या तस पद पद्मने, नमतां अविचल थान ॥३॥

## स्तवन :

तुमे बहु मैत्री रे साहिबा, मारे तो मन अेक,
तुम विण बीजो रे नवि गमे, अे मुज म्होटी रे टेक...
श्री श्रेयांस कृपा करो... ॥१॥
मन राखो तुमे सवि तणां, पण किहां अेक मळी आओ;
ललचाओ लख लोकने, साथी सहेज न थाओ /. श्री श्रेयांस ॥२॥
राग भरे जन मन रहो, पण तिहुं काल वैराग;
चित्त तुमारा रे समुद्रनो, कोई पामे रे ताग..श्री श्रेयांस ॥३॥
अेहवा श्युं चित्त मेळव्युं, केळव्युं पहेला न कांई,
सेवक निपट अबूझ छे, निर्वहशो तुमे सांई...श्री श्रेयांस ॥४॥

निरागीशुं रे किम मिले, पण मळवानो अेकांत;
वाचक जश कहे मुज मिल्यो, भक्ते कामण तंत...श्री श्रेयांस ॥५॥

## थोय :

विष्णु जस मात, जेहना विष्णु तात;
प्रभुना अवदात, तीन भुवन में विख्यात;
सुरपति संघात, जास निकट आयात;
करी कर्मनों घात, पामीया मोक्ष सात ॥१॥

# १२. श्री वासुपूज्य स्वामीनी स्तुति :

सद्ध्यानथी दुरित सर्व हणी विराजे,
जे मुक्तिमां समय सादि अनंत भांगे;
आत्मस्वरूप रमतां सुख आपजोने,
***श्री वासुपूज्य ! जिनदेव ! दया करोने।***

## चैत्यवंदन :

वासव वंदित वासुपूज्य, चंपापुरी ठाम,
वासुपूज्य कुल चंद्रमां, माता जया नाम ॥१॥
महिष लंछन जिन बारमां, सित्तेर धनुष प्रमाण,
काया आयु वरस वली, बहोंत्तेर लाख वखाण ॥२॥

संघ चतुर्विध थापिने अे, जिन उत्तम महाराय,
तस मुख पद्म वचन सुणी, परमानंदी थाय ॥३॥

## स्तवन :

स्वामी तुमे कांई कामण कीधुं, चितडुं मारूं चोरी लीधुं
साहिबा वासुपूज्य जिणंदा, मोहना वासुपूज्य जिणंदा
अमे पण तुमशुं कामण करशुं, भगते ग्रही मन घरमां धरशुं....
साहिबा ॥१॥
मनघरमां धरीया घर शोभा, देखत नित्य रहेशो थिर थोभा,
मन अकुंठित भगते, योगी भाखे अनुभव युगते... साहिबा. ॥२॥
क्लेशे वासित मन संसार, क्लेश रहित मन होय भवपार,
जो विशुद्ध मन घर तुमे आव्या, तो प्रभु अमे नवनिधि रिद्धि पाम्या
साहिबा..... ॥३॥
सात राज अलगा जई बेठा, पण भगते अम मन मांहि पेठा,
अलगाने वलग्या जे रहेवुं ते भाणा खड खड दुःख सहेवुं ॥४॥
साहिबा....
ध्यायक–ध्येय–ध्यानगुण अेके, भेद छेद करशुं हवे टेके;
क्षीर नीर परे तुमशुं मिलशुं, वाचक जश कहे हेजे हलशुं ॥५॥

## थोय :

विश्वना उपगारी, धर्मना आदिकारी,
धर्मना दातारी, कामक्रोधादि वारी,
तार्या नरनारी, दुःख दोहग हारी,
वासुपूज्य निहारी, जाऊं हुं नित्य वारी ॥१॥

# १३. श्री विमलनाथ भगवंतनी स्तुति :

जेनी सुणी कतक चूर्ण समान वाणी,
प्राणी तणा विमल थाय विचार वारि;
जेथी टले भव भयो सुखशांति थाये.
नित्ये नमुं **विमलनाथ** जिनेन्द्र पाये.

## चैत्यवंदन :

कंपिलपुर विमल प्रभु, श्यामा माता मल्हार;
कृतवर्मा नृप कुल नभे, उगमियो दिनकार ॥१॥
लंछन राजे वराहनुं, साठ धनुषनी काय,
साठ लाख वरस तणुं, आयु सुख समुदाय ॥२॥
विमल विमल पोते थया अे, सेवक विमल करेह,
तुज पद पद्म विमल प्रति सेवुं धरी ससनेह ॥३॥

## स्तवन :

दुःख दोहग दूरे टल्यारे, सुख संपदशुं भेट,
धींगधणी माथे कीयोरे, कुण गंजे नर खेट,
विमलजिन दीठा लोयण आज, मारा सिध्या वांछित काज. ॥१॥ वि.
चरण कमळ कमला वसेरे, निरमळ थिरपद देख,
समल अथिर पद परिहरी रे, पंकज पामर पेख. ॥२॥ वि. ..
मुज मन तुज पद पंकजे रे लीनो गुण मकरंद,
रंक गणे मंदरधरारे, इंद्र चंद्र नागिंद्र, ॥३॥ वि..
साहिब समरथ तुं धणी रे, पाम्यो परम उदार;
मन विसरामी वालहोरे; आतमनो आधार ॥४॥ वि...

दरिशण दीठे जिन तणुं रे, संशय न रहे वेध;
दिनकर कर भर पसरतां रे, अंधकार प्रतिषेध ।।५।। वि..
अमीय भरी मूरती रची रे, उपमा न घटे कोय,
शांत सुधारस झीलतीरे, निरखत तृप्ति न होय ।।६।। वि...
अेक अरज सेवक तणी रे, अवधारो जिन देव;
कृपा करी मुज दीजीये रे, आनंदघन पदसेव ।।७।। वि..

## थोय :

विमल जिन जुहारो, पाप संताप वारो;
श्यामांब मल्हारो, विश्व कीर्ति विफारो,
योजन विस्तारो, जास वाणी प्रसारो;
गुण गण आधारो, पुण्यना अे प्रकारो ।।१।।

## १४. श्री अनंतनाथ भगवाननी स्तुति :

हर्षे करी सुरगणो जिनजन्म काले,
जई मेरुपर्वत करे अभिषेक भावे;
हेते करी स्तवन मंगळ गीत गावे,
सेवा **अनन्त** जिननी करी शांति पावे.

## चैत्यवंदन :

अनंत अनंत गुण आगरु, अयोध्यावासी,
सिंहसेन नृप नंदनो, थयो पाप निकासी ॥१॥
सुजसा माता जनमियो, त्रीश लाख उदार.
वरस आउखु पालीयुं, जिनवर जयकार ॥२॥
लंछन सींचाणा तणुंअे, काया धनुष पचास,
जिन पद पद्म नम्या थकी, लहिये सहज विलास ॥३॥

## स्तवन :

धार तलवारनी सोहिली, दोहिली चउदमा जिनतणी चरण सेवा,
धार पर नाचता देख बाजीगरा, सेवना धार पर रहे न देवा ॥१॥
अेक कहे सेवीये विविध किरिया करी, फल अनेकांत लोचन न देखे,
फल अनेकांत किरिया करी बापडा रडवडे चार गतिमांहि लेखे ॥२॥
गच्छना भेद बहु नयण निहाळतां, तत्वनी वात करतां न लाजे,
उदर भरणादि निज काज करतां थका, मोहनडीया कलिकाला राजे ॥३॥
वचन निरपेक्ष व्यवहार जूठो कह्यो, वचन सापेक्ष व्यवहार साचो,
वचन निरपेक्ष व्यवहार संसार फल, सांभळी आदरी कांई राचो ॥४॥
देव गुरु धर्मनी शुद्धि कहो किम रहे, किम रहे शुद्ध श्रद्धा न आणो,
शुद्ध श्रद्धान विण सर्व किरिया कही, छार परे लींपणुं तेह जाणो ॥५॥
पाप नहीं कोई उत्सूत्र भाषण जिश्यु, धर्म नहि कोई जग सूत्र सरिखो
सूत्र अनुसार जे भविक किरिया करे, तेहनुं शुद्ध चारित्र परखो ॥६॥
अेह उपदेशनो सार संक्षेप थी, जे नर चित्तमें नित्य ध्यावे,
ते नरा दिव्य बहुकाल सुख अनुभवी नियत आनंदघन राज पावे ॥७॥
धार तलवारनी....

**थोय :**

अनंत अनंत नाणी, जास महिमा गवाणी,
सुरनर तिरि प्राणी, सांभळे जास वाणी;
अेक वचन समजाणी, जेह स्याद्वाद जाणी;
तर्या ते गुण खाणी, पामीआ सिद्धि राणी ॥१॥

## १५. श्री धर्मनाथ प्रभुनी स्तुति :

संसारमां भ्रमण में बहुकाळ कीधुं,
दुःखो सह्या विपुल में नथी सौख्य लीधुं,
पुण्योदये प्रवर धर्म लह्यो जिनेन्द्र,
**श्री धर्मनाथ** चरणे प्रणमे सुरेन्द्र.

**चैत्यवंदन :**

भानुनंदन धर्मनाथ; सुव्रता भली मात,
वज्र लंछन वज्रि नमे, त्रण भुवन विख्यात ॥१॥
दश लाख वरसनुं आउखुं, वपु धनु पीस्तालीश,
रत्नपुरीनो राजीयो, जगमां जास जगीश ॥२॥
धर्म मारग जिनवर कहीये, उत्तम जन आधार,
तेणे तुज पाद पद्म तणी, सेवा करुं निरधार ॥३॥

## स्तवन :

थाशुं प्रेम बन्यो छे राज, निर्वहशो तो लेखे
में रागी थें छो निरागी, अणजुगते होय हांसी,
अेक पखो जे नेह निर्वहवो, तेमां की शाबाशी ॥१॥ थाशुं....
निरागी सेवे कांई होवे, अेम मनमां नवि आणुं,
फळे अचेतन पण जेम सुरमणि, तिम तुम भक्ति प्रमाणुं ॥२॥ थाशुं...
चंदन शीतलता उपजावे, अग्नि ते शीत मीटावे,
सेवकनां तिम दुःख गमावे, प्रभु गुण प्रेम स्वभावे ॥३॥ थाशुं...
व्यसन उदय जे जलधि अनुहरे, शशीने तेह संबंधे;
अण संबंधे कुमुद अनुहरे, शुद्ध स्वभाव प्रबंधे ॥४॥ थाशुं...
देव अनेरा तुमथी छोटा, थें जगमां अधिकेरा,
यश कहे धर्म जिनेश्वर थाशुं, दिल मान्या है मेरा ॥५॥ थाशुं...

## थोय :

धरम धरम धोरी, कर्मना पास तोरी,
केवल श्री जोरी, जेह चोरे न चोरी,
दर्शन मद छोरी, जाय भाग्या सटोरी,
नमे सुरनर कोरी, ते वरे सिद्धि गोरी ॥१॥

*** 

# १६. श्री शांतिनाथ भगवाननी स्तुति :

षट्खंड भूमिपति पंचम चक्रवर्ती,
भव्यो तणा परम तारक धर्ममूर्ति,
सेवा मने भव भवे मळजो तमारी,
**श्री शांतिनाथ !** सुणजो विनति अमारी.

## चैत्यवंदन :

शांति जिनेसर सोलमां, अचिरा सुत वंदो,
विश्वसेन कुल नभ मणि, भवि जन सुख कंदो ॥१॥
मृग लंछन जिन आउखुं, लाख वरस प्रमाण,
हथ्थिणाउर नयरी धणी, प्रभुजी गुण मणि खाण ॥२॥
चालीश धनुषनी देहडी अे, सम चउरस संठाण,
वदन पद्म ज्युं चंदलो, दीठे परम कल्याण ॥३॥

## स्तवन :

म्हारो मुजरो ल्योने राज, साहिब शांति सलुणा,
अचिराजीना नंदन तोरे, दर्शन हे ते आव्यो ।
समकित रीझ करोने स्वामी, भगति भेटणुं लाव्यो ॥१॥ म्हारो...
दुःखभंजन छे बिरुद तुमारो, अमने आशा तुमारी,
तुमे निरागी थई ने छूटयो, शी गति होशे अमारी ॥२॥ म्हारो...
कहेशे लोक न ताणी कहेवुं, अेवडुं स्वामी आगे;
पण बालक जो बोली न जाणो, तो केम व्हालो लागे ॥३॥ म्हारो...
म्हारे तो तुं समरथ साहिब, तो केम ओछुं मानुं,
चिन्तामणि जेणे गांठे बांध्युं, तेहने काम किश्यानुं ॥४॥ म्हारो....
अध्यातम रवि उग्यो मुज घट, मोह तिमिर हर्युं जुगते,
विमळविजय वाचकनो सेवक, राम कहे शुभ भगते ॥५॥ म्हारो....

**थोय :**

वंदो जिन शांति, जास सोवन कांति,
टाले भव भ्रांति, मोह मिथ्यात्व शांति,
द्रव्य भाव अरि पांति, तास करता निकांति;
धरता मन खांति, शोक संताप वांति ॥१॥

❋ ❋ ❋

## १७. श्री कुंथुनाथ स्वामीनी स्तुति :

भावो समस्त जगना सवि जाणनारा,
भव्यो तणा दुरित दुःख विनाशनारा,
नित्ये नमुं विमलमार्ग बतावनारा,
**श्री कुंथुनाथ !** भवसिन्धु उतारनारा.

**चैत्यवंदन :**

कुंथुनाथ कामित दीये, गजपुरनो राय,
सिरि माता उरे अवतर्यो, सुर नरपति ताय ॥१॥
काया पांत्रीश धनुषनी, लंछन जस छाग,
केवलज्ञानादिक गुणो, प्रणमो धरी राग ॥२॥
सहस पंचाणुं वरसनुं अे, पाली उत्तम आय,
पद्मविजय कहे प्रणमीअे, भावे श्री जिनराय ॥३॥

## स्तवन :

कुंथुजिन मनडुं किमही न बाजे, जिम जिम जतन करीने राखुं,
तिम तिम अलगुं भांजे हो, कुंथुजिन.....॥१॥
रजनी-बासर, वसती-उज्जड, गयण-पायाले जाय।
साप खायने मुखडुं थोथुं, अेह उखाणो न्याय हो ॥२॥ कुंथु...
भक्तितणां अभिलाषी तपीया, ज्ञान ने ध्यान अभ्यासे,
वयरीडुं कांई अेहवुं चिंते, नाखे अवले पासे हो कुंथुजिन ॥३॥
आगम आगमधरने हाथे, नावे किणविध आंकुं,
किंहा कणे जो हठ करी अटकुं तो, व्यालतणी परे वांकुं हो ॥४॥ कुंथु.
जो ठग कहुं तो ठग तो न देखुं, साहुकार पण नाही,
सर्व मांहे ने सहुथी अलगुं, अे अचरिज मनमांहि ॥५॥कुंथु
जे जे कहुं ते कान न धारे, आप मते रहे कालो,
सुरनर पंडित जन समजावे, समजे न मारो सालो हो ॥६॥ कुंथु
में जाण्युं अे लिंग नपुंसक, सकल मरद ने ठेले,
बीजी वाते समरथ छे नर, अेहने कोई न जेले हो ॥७॥ कुंथु...
मन साध्युं तेणे सघलुं साध्युं, अेह वात नही खोटी,
इम कहे साध्युं ते नवि मानुं, अेकही वात छे मोटी ॥८॥ कुंथु
मनडुं दुराराध्य ते वश आण्युं, ते आगमथी मति आणुं,
आनंदघन प्रभु माहरुं आणो, तो साचुं करी जाणुं ॥९॥ कुंथु...

## थोय :

कुंथु जिननाथ, जे करे छे सनाथ,
तारे भव पाथ, जे ग्रही भव्य हाथ,
अेहनी तजे साथ, बावल दीये बाथ,
तरे सुर नर साथ, जे सुणे अेक गाथ ॥१॥

# १८. श्री अरनाथ स्वामीनी स्तुति :

आनन्द कन्द ! अरनाथ ! सुमेरुधीर,
विश्वोपकार-कर ! कर्म-दावाग्निनीर;
छोडी छ खंड शिव सौख्य लह्यु तमे जे,
देता करो किम ? विलंब हवे मने ते. १८.

## चैत्यवंदन :

नागपुरे अन जिनवरु, सुदर्शन नृप नंद,
देवी माता जनमीयो, भवि जन सुखकंद ॥१॥
लंछन नंदावर्त्तनुं, काया धनुषह त्रीश;
सहस चोराशी वरसनुं, आयु जास जगीश ॥२॥
अरूज अजर अज जिनवरु अे पाम्या उत्तम ठाण,
तस पद पद्म आलंबता, लहीये पद निरवाण ॥३॥

## स्तवन :

मारा साहिब श्री अरनाथ अरज सुणो अेक मोरी,
परम कृपालु चाकरी चाहुं तोरी, चाकरी चाहुं तोरी,
प्रभु गुण गाऊं, सुख अनंता पाउं ॥१॥ परम...
जिन भक्ते जे होवे राता, पामे परभव शाता,
प्रभु पूजा अे आळसु थातां, ते दुःखीया परभव जाता ॥२॥ परम...
प्रभु सहायथी पातक ध्रूजे, सारी शुभमति सुजे,
ते देखि भवियण प्रतिबूजे, वळी कर्म रोग सवि रुजे ॥३॥ परम...
सामान्य नरनी सेवा करीअे तो पण प्राप्ति थाये,
तो त्रिभुवन नायकनी सेवा, निश्चय निष्फळ न जाय ॥४॥ परम...
साची सेवा जाणी प्राणी, जे जिनवर आराधे,
श्री खिमाविजय पद पामी पुण्ये, जस सुख लहे निराबाधे ॥५॥ परम.

थोय :

अर जिनवर राया, जेहनी देवी माया,
सुदर्शन नृप ताया, जास सुवर्ण काया,
नंदावर्त्त पाया, देशना शुद्ध दाया,
समवसरण विरचाया, इंद्र इंद्राणी गाया ॥१॥

## १९. श्री मल्लिनाथ भगवंतनी स्तुति :

जे कामधेनु सुरवृक्ष थकी वधारे,
आपे सुखो भविक चित्त विषाद हारे,
ते **मल्लिनाथ** विभु बालथी ब्रह्मचारी,
लेजो तमे भवथी नाथ ! मने उगारी.

चैत्यवंदन :

मल्लिनाथ ओगणीसमा, जस मिथिला नगरी;
प्रभावती जस मावडी, टाले कर्म वयरी ॥१॥
तात श्री कुंभ नरेसरू, धनुष पच्चीशनी काय;
लंछन कलश मंगलकरू, निर्मम निरमाय ॥२॥
वरस पंचावन सहसनुं अे, जिनवर उत्तम आय;
पद्मविजय कहे तेहने, नमतां शिवसुख थाय ॥३॥

## स्तवन :

पंचम सुरलोकना वासी रे, नवलोकांतिक सुविलासी रे;
करे विनंती गुणनीराशी मल्लिनाथ जिननाथ जी व्रत लीजे
भविजीवने शिवसुख दीजे ॥१॥ मल्लि....
तुमे करुणारस भंडार रे, पाम्या छो भवजल पार रे,
सेवकनो करो उद्धार; ॥२॥ मल्लि...
प्रभु दान संवत्सरी आपे रे, जगनां दारिद्र दुःख कापे रे,
भव्यत्व पणे तस थापे ॥३॥ मल्लि......
सुरपति सघळा मळि आवे रे, मणि रयण सोवन वरसावे रे,
प्रभु चरणे शीश नमावे ॥४॥ मल्लि.....
तीर्थोदक कुंभा लावे रे, प्रभुने सिंहासन ठावे रे,
सुरपति भक्ते नवरावे ॥५॥ मल्लि........
वस्त्राभरणे शणगारे रे फुल माला हृदय पर धारे रे,
दुखडां इन्द्राणि उवारे ॥६॥ मल्लि........
मल्या सुरनर कोडाकोडी रे, प्रभु आगे रह्या कर जोडी रे,
करे भक्ति युक्ति मद मोडी ॥७॥ मल्लि.....
मृगशिर शुदीनी अजुआली रे, अेकादशी गुणनी आली रे,
वर्या संयमवधु लटकाली ॥८॥ मल्लि.....
दीक्षा कल्याणक अेह रे, गाता दुःख न रहे रेह रे,
लहे रुपविजय जस नेह ॥९॥ मल्लि......

## थोय :

मल्लिजिन नमीये, पूरवलां पाप गमाये,
इंद्रिय गण दमिये, आण जिननी न क्रमीये,
भवमां नवि भमीये, सर्व परभाव वमीये,
जिन गुणमां रमीये, कर्म मल सर्व धमीये ॥१॥

# २०. श्री मुनिसुव्रत स्वामनी स्तुति :

दया लावी अश्वे सुरसहित आव्या भृगुपुरे,
उगार्यो आवीने प्रवर उपदेश प्रभु तमे;
हठावी कर्मोने परमपद पाम्या जगधणी,
मने अर्पो सेवा **मुनिसुव्रतदेवा** चरणानी ।

## चैत्यवंदन :

मुनिसुव्रत जिन वीशमा, कच्छपनुं लंछन,
पद्मा माता जेहनी, सुमित्र नृप नंदन ॥१॥
राजगृही नयरी धणी, वीश धनुष शरीर,
कर्म निकाचित रेणु व्रज, उद्दाम समीर ॥२॥
त्रीश हजार वरसतणुं ओ, पाली आयु उदार,
पद्मविजय कहे शिव लह्या, शाश्वत सुख निरधार ॥३॥

## स्तवन :

मुनिसुव्रत जिन मन मोहयुं माहरुं रे, शरण ग्रह्युं में तमारुं,
प्रातः समये जागुं हुं ज्यारे, स्मरण करु छुं तमारु,
हो जिनजी तुज मुरति मनोहरणी, भवसागर जल तरणी हो ॥१॥
आप भरोसो आ जगमां छे तारो तो घणुं सारू,
जन्म जरा मरणो करी थाक्यो, आशरो मे लीधो तारो ॥२॥ हो......
चुं चु चीडिया बोले, भजन करे छे तमारुं,
मूर्ख मनुष्य जे प्रमादे पडीयो छे, नाम जपे नहि तारुं ॥३॥ हो.....
भोळा थातां लहु शोर सुनुं हुं कोई हसे कोई रूवे न्यारू,
सुखीयो सुवे ने दुःखीयो रूवे, अकल गति से विचारू ॥४॥ हो...

खेल खलकने बंध नाटकनो, कुटुंब कबीलो हुं धारुं,
जिहा सुधी स्वारस्थ तिहां सुधी, सर्वे अंत समये सहु न्यारुं ।।५।। हो...
मायाजाळ तणी जोई जाणी, जगत लागे छे खारुं,
उदयरत्न अेम जाणी प्रभु, ताहरुं शरण ग्रह्युं में साचुं ।।६।।

## थोय :

मुनिसुव्रत नामे, जे भवि चित्त कामे,
सविसंपत्ति पामे, स्वर्गनां सुख जामे,
दुर्गति दुःख वामे, नवि पडे मोह भामे,
सर्व कर्म विरामे, जई वसे सिद्धी धामे ।।१।।

## २१. श्री नमिनाथ भगवंतननी स्तुति :

सुणी तारी वाणी भव भयहरी चित्त विकसे,
अने देखी मूर्ति अमीय झरती पाप विणसे,
भम्यो छुं संसारे तुजविण विभो ! चार गतिमां,
महापुण्ये आजे **नमिजिन** ! हुं आव्यो शरणमां.

## चैत्यवंदन :

मिथिला नयरी राजीयो, वप्रा सुत साचो,
जिजयराय सुत छोडीने, अवर मत माचो ।।१।।
नीलकमल लंछन भलुं, पन्नर धनुषनी देह;
नमि जिनवरनुं सोहतुं, गुण गण मणिगेह ।।२।।

दश हजार वरसतणुं अे, पाल्युं परगट आथ,
पदमविजय कहे पुण्यथी, नमीये ते जिनराय ॥३॥

## स्तवन :

नित्य नमीये नमि जिनवरूरे जो, जे एक अनेक स्वरूपजो,
नित्य अनित्य पणे वलीजे, जेहना गुणअति अद्भुतजो ॥१॥ नित्य...
अवयवी अवयव रूप छे जो, जे अस्ति नास्ति स्वभाव जो,
वळी गुणातीत ने जे गुणीजो, रूपातीत स्वरूपी भावजो ॥२॥ नित्य...
व्यय उत्पत्ति ध्रुव जेह छेजो, जे वेदी अवेदी विचारजो,
भिन्नअभिन्न पण करीजो, नित्य भोगवे सुख श्रीकारजो ॥३॥ नित्य...
कर्ता अकर्ता जेह छेजो, वली भोक्ता अभोक्ता जेहजो,
सक्रिय अने अक्रिय वली जो, परिणाम इतर गुण गेहजो ॥४॥ नित्य..
योगातीत योगीस्वरुपजो, वर्णातीत ने तदवंतजो;
स्याद्वादे अेणि परे करीजो, तुं सिद्ध स्वरूप भगवंतजो ॥५॥ नित्य..
इम जिनवरने ओलखीजे, जे थिर मन करी करे सेवजो,
उत्तम भविजन ने होवेजो, कहे पद्मविजय पोते देवजो ॥६॥ नित्य...

## थोय :

नमिये नमिनेह, पुण्य थाये ज्युं देह,
अघ समुदाय जेह, ते रहे नांहीरेह;
लहे केवल तेह, सेवना कार्य अेह,
लहे शिवपुर गेह, कर्मनो आणी छेह ॥१॥

# २२. श्री नेमिनाथ परमात्मानी स्तुति :

प्रकाशी छो स्वामी शशि रवि थकी आप अधिका;
अभिष्टोने आपी अधरित करी कल्पतलिका;
थया सौथी मोटा; शियळधर राजीमती तजी;
नमुं नित्ये **नेमि–प्रभु** पद पयोजे प्रणयथी

## चैत्यवंदन :

नेमिनाथ बावीशमा; शिवादेवी माय;
समुद्रविजय पृथिवीपति; जे प्रभुना ताय ॥१॥
दशह धनुषनी देहडी, आयु वरस हजार,
शंख लंछन धर स्वामीजी, तजी राजुल नार ॥२॥
शौरीपुरी नयरी भली अे, ब्रह्मचारी भगवान,
जिन उत्तम पद पद्मने नमतां अविचल ठाण ॥३॥

## स्तवन :

तोरणथी रथ फेरी गयोरेहां, पशुंआ शिर देई दोष; मेरे वाल्मा।
नवभव नेह निवारीयो रेहां, शो जोई आव्या जोष ॥१॥ मेरे...
चंद्र कलंकी जेहथी रे हां, राम ने सीता वियोग;
तेह कुरंग ने वयणडे रे हां, पतिआवे कुण लोक ॥२॥ मे......
उतारी हुं चित्तथी रे हां, मुगति धूतारी हेत,
सिद्ध अनंते भोगवी रे हां, तेह शुं कवण संकेत ॥३॥ मे......
प्रीत करंता सोहली रे हां, निरवहतां जंजाल,
जेहवो व्याळ खेळाववो रे हां, जेहवी अगननी झाळ ॥४॥ मे.....
जो विवाह अवसर दिओ रे हां, हाथ उपर नवि हाथ,
दीक्षा अवसर दीजीये रे हां, शिर उपर जगनाथ ॥५॥ मे...

इम विलवती राजुल गई रे हां, नेम कने व्रत लीध;
वाचक यश कहे प्रणमीये रेहां, अे दंपत्ति दोय सिद्ध ॥६॥ मे..

**थोय :**

राजुल वर नारी, रुपथी रति हारी,
तेहना परिहारी, बालथी ब्रह्मचारी;
पशुआं उगारी, हुआ चारित्रधारी,
केवलश्री सारी, पामीया घाति वारी ॥१॥

## २३. श्री पार्श्वनाथ स्वामीनी स्तुति :

फळे जेना ध्याने, सकळ मननां इष्ट पळमां,
गवायेलो जेनो; सफळ मननां इष्ट पळमां
करे जेनी सेवा; धरणपति पद्मावती सदा,
हरो **पार्श्वस्वामी** मुज हृदयनी सर्व विपदा

**चैत्यवंदन :**

आश पूरे प्रभु पासजी; त्रोडे भवपास;
वामा माता जनमीया; अहि लंछन जास ॥१॥
अश्वसेन सुत सुखकरु नव हाथनी काया;
काशी देश वाणारसी; पुण्ये प्रभु आया ॥२॥
अेकसो वरसनुं आउखुं अे; पाली पास कुमार;
पद्म कहे मुक्ते गया; नमतां सुख निरधार ॥३॥

## स्तवन :

प्यारो प्यारो रे हो वाला मारा पासजिणंद मुने प्यारो;
तारो तारो रे हो वाला मारा भवना दुखडा वारो;
काशीदेश वाणारसी नगरी; अश्वसेन कुल सोहीओरे;
पासजिणंदा वामानंदा मारा वाला; देखत जन मन मोहीओ ॥१॥
प्यारो......
छप्पन दिग्‌कुमारी मीली आवे; प्रभुजीने हुलरावे रे;
थेई थेई नाच करे मारा वाला हरखे जिन-गुण गावे ॥२॥ प्यारो....
कमठ हठ गाळ्यो प्रभु पार्श्वे; बळतो उगार्यो फणी नागरे;
दीओो सार नवकार नागकुं; धरणेंद्रपद पायो ॥३॥ प्यारो....
दीक्षा लई प्रभु केवळ पायो; समवसरणे सुहायो रे;
दीये मधुरी देशना प्रभु; चौमुख धर्म सुणायो ॥४॥ प्यारो.....
कर्म खपावी शीव पुर जावे; अजरामर पद पावे रे,
ज्ञान अमृत रस फरसे मारा वाला, ज्योति से ज्योत मिलावे ॥५॥ प्यारो.

## थोय :

श्री पास जिणंदा; मुख पूनम चंदा;
पद युग अरविंदा; सेवे चोसठ इन्दा;
लंछन नागिंदा; जास पाये सोहंदा;
सेवे गुणी वृंदा; जेहथी सुख कंदा ॥१॥

# २४. श्री महावीर भगवाननी स्तुति :

मळ्या आजे मारा, भव भव तणा पुण्य उदये,
समुद्धर्ता स्वामी, त्रि–जगजनना कंईक समये;
मने आपी ज्ञाना-दिक गुण गुणी किंकर नकी
**महावीरस्वामी** चरम जिन तारो भव थकी.

## चैत्यवंदन :

सिद्धारथ सुत वंदिये, त्रिशलानो जायो;
क्षत्रिय कुंडमां अवतर्यो, सुर नरपति गायो ।।१।।
मृगपति लंछन पाउले, सात हाथनी काया,
बहोंतेर वरसनुं आउखुं, वीर जिनेश्वर राया ।।२।।
खिमाविजय जिनरायना ए, उत्तम गुण अवदात,
सात बोलथी वर्णव्या, पद्मविजय विख्यात ।।३।।

## स्तवन :

वीरजी सुणो एक विनंति मोरी; वात विचारो तुमे घणी रे,
वीर मने तारो महावीर मने तारो, भवजल पार उतारोने रे ।।१।।
वीरजी....
परिभ्रमण में अनंता रे कीधां, हजुये न आव्यो छेडलो रे ।
तुमे तो थया प्रभु सिद्ध निरंजन, अमे तो अनंता भव भम्या रे ।।२।।
तमे अमे वार अनंति रे वेला, रमीया संसारी पणे रे ।
तेह प्रीत जो पूरण पालो; तो अमने तुम सम करो रे ।।३।। वीरजी...
तुम सम अमने जोग न जाणो, तो कांई थोडुं दीजीए रे,
भवोभव तुम चरणोनी सेवा; पामी अमे घणुं रीझीये रे ।।४।।
वीरजी.....

इंद्रजाळीयो कहेतो रे आव्यो, गणधर पद तेहने दीयो रे।
अर्जुनमाळी जे घोर पापी; तेहने जिन तमे उद्धर्यों रे ॥५॥ वीरजी...
चंदनबालाअे अडदना बाकुला; पडिलाभ्या तुमने प्रभु रे।
तेहने साहूणी साची रे कीधी; शिववधु साथे भेळवी रे ॥६॥
चरणे चंडकोशियो डंसीयो, कल्प आठमे ते गयो रे।
गुण तो तमारा प्रभु मुखथी सुणीने, आवी तुम सन्मुख रह्यो रे ॥७॥
वीरजी....
निरंजन प्रभु नाम धरावो; तो सहु ने सरिखा गणो रे।
भेदभाव प्रभु दूर करीने; मुजशुं रमो अेकमेकशुं रे ॥८॥ वीरजी...
मोडावहेला; तुमहीज तारण; हवे विलंब शा कारणे रे।
ज्ञानतणा भवना पापमिटावो, वारी जाउं तोरा वारणे रे ॥९॥

## थोय :

महावीर जिणंदा, राय सिद्धार्थ नंदा;
लंछन मृगेंदा, जास पाये सोहंदा;
सुर नर वर इन्द्रा, नित्य सेवा करंदा
टाले भव फंदा; सुख आपे अमंदा ॥१॥

## २५. श्री सीमंधर भगवाननी स्तुति :

महाविदेहमां श्री सीमंधरस्वामी; नित्य वंदु प्रभात,
त्रिकरणवळी त्रियोगथी, जपुं अहर्निश जाप।
भरतक्षेत्रमां हुं रहुं, आप रहो छो विमुख,
ध्यान लोहचुम्बक परे, करी दृष्टि सन्मुख ॥

## चैत्यवंदन :

श्री सीमंधर वीतराग, त्रिभुवन तुमे उपगारी ।
श्री श्रेयांस पिता कुले, बहु शोभा तुमारी ॥१॥
धन्य धन्य माता सत्यकी, जेणे जायो जयकारी ।
वृषभलांछने विराजमान, वंदे नरनारी ॥२॥
धनुष पांचशे देहडीअे, सोहीअे सोवन वान ।
कीर्तिविजय उवज्झायनो, विनयधरे तुम ध्यान ॥३॥

## स्तवन :

सुणो चंदाजी ! सीमंधर परमातम पासे जाजो,
मुज विनतडी, प्रेमधरीने अेणिपरे तुमे संभळावजो ॥१॥ सुणो....
जे त्रण भुवननो नायक छे, जस चोसठ इन्द्र पायक छे,
नाण दरिसण जेहने क्षायक छे ॥२॥ सुणो....
बार पर्षदामांहि बिराजे छे, जस चोत्रीश अतिशय छाजे छे
गुण पात्रीश वाणीअे गाजे छे ॥३॥ सुणो......
भविजनने जे पडिबोहे छे, तुम अधिक शीतल गुण सोहे छे,
रुप देखी भविजन मोहे छे ॥४॥ सुणो......
तुम सेवा करवा रसियो छुं, पण भरतमां दूरे वसियो छुं;
महामोहराय कर फसियो छुं ॥५॥ सुणो.....
पण साहिब चित्तमां धरियो छे तुम आणा खड्ग कर ग्रहिओ छे,
पण कांईक मुजथी डरियो छे ॥६॥ सुणो.....
जिन उत्तम पूंठ हवे पूरो, कहे पद्मविजय थाऊं शूरो;
तो वाधे मुज मन अति नूरो ॥७॥ सुणो......

### थोय :

श्री सीमंधर सेवित सुरवर, जिनवर जग जयकारीजी,
धनुष पांचशे कंचनवरणी, मूरति मोहनगारीजी ।
विचरंता प्रभु महाविदेहे, भविजनने हितकारीजी;
प्रहउठी नित्य नाम जपीजे, हृदय कमलमां धारीजी ॥१॥

## २६. श्री सिद्धाचलजीनी स्तुति :

पूर्णानन्दमयं महोदयमयं कैवल्यचिद्दृग्मयं;
रूपातीतमयं स्वरूपरमणं स्वाभाविकी-श्रीमयम् ।
ज्ञानोद्योतमयं कृपारसमयं स्याद्वाद-विद्यालयम्;
श्री सिद्धाचल-तीर्थराज-मनिशं वन्देऽहमादीश्वरम् ॥१॥

### चैत्यवंदन :

श्री शत्रुंजय सिद्धक्षेत्र, दीठे दुर्गतिवारे,
भावधरीने जे चढे, तेने भवपार उतारे ॥१॥
अनंत सिद्धनो अेह ठाम, सकल तीर्थनो राय,
पूर्वनवाणुं ऋषभदेव, ज्यां ठविया प्रभु पाय ॥२॥
सूरज कुण्ड सोहामणो, कवड जक्ष अभिराम,
नाभिराया कुल मंडणो, जिनवर करुं प्रणाम ॥३॥

## स्तवन :

शेत्रुंजा गढना वासी रे, मुजरो मानजो रे, सेवक नी सुणी, वातो रे,
दिलमां धारजो रे, प्रभु में दीठो तुम देदार,
आज मुने उपन्यो हरख अपार, साहिबानी सेवा रे,
भव-दुःख भांजशे रे, दादाजीनी सेवा रे, शिवसुख आपशे रे ।।१।।
अेक अरज अमारी रे, दिलमां धारजो रे, चोराशी लाख फेरा रे,
दूर निवारजो रे, प्रभु मने दुर्गति पडतो राख
मने, दरिसण वहेलुं दाख ।।२।। साहिबानीं.....
दौलत सवाई रे, सोरठ देशनी रे, बलिहारी हुं जाऊं रे,
प्रभु तारा वेशनी रे, प्रभु तारुं रुडुं रुप, मोह्या सुरनर
वृंद ने भूप ।।३।। साहिबानी.....
तीरथ न कोई रे, शेत्रुंजा सारखुं रे, प्रवचन पेखीने कीधुं,
में तो पारखुं रे, ऋषभने जोई जोई हरखे जेह,
त्रिभुवन लीला पामे तेह ।।४।। साहिबानी सेवा रे.....
भवोभवहुं मांगु रे, प्रभु तारी सेवना रे,
भावठन भांगी रे, जगमां जे विना रे,
प्रभु मारा पूरो मनना कोड,
अेम कहे उदय रतन कर जोड ।।५।। साहिबानी....

## थोय :

श्री शत्रुंजय आदि जिन आव्या, पूरव नव्याणुं वारजी,
अनंतलाभ इहां जिनवर जाणीं, समोसर्या निरधारजी ।
विमल गिरीवर महिमा मोटो, सिद्धाचल इणे ठामजी,
कांकरे कांकरे अनंता सिद्धया, अेकसो आठ गिरीनामजी ।।

# श्री सिद्धचक्र (नवपद) जीनी स्तुति

अर्हन्तो भगवंत इन्द्र महिता, सिद्धाश्च सिद्धिस्थिता;
आचार्या जिनशासनोन्नति कराः, पूज्या उपाध्यायकाः,
श्री सिद्धान्तसुपाठका मुनिवराः, रत्नत्रयाराधका,
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं, कुर्वन्तु वो मंगलं ॥

## चैत्यवंदन :

ओथुरिं सिरि अरिहंत मूल, दृढ पीठ पइ ट्ठिओ,
सिद्ध सूरि उवज्झाय साहू, चिहु पास गरिट्ठिओ ॥१॥
दंसणनाण चरित्त तवहि, पडिसाह सुंदरू,
तत्तक्खर सरवग्ग लद्धि, गुरुपयदल दुंबरू ॥२॥
दिसिपाल जक्ख-जक्खिणी-पमुह, सुरकुसुमेहिं अलंकियो,
सो सिद्धचक्क गुरू कप्पतरू, अम्ह मनवंछिय फलदियो ॥३॥

## स्तवन :

अवसर पामीने रे, कीजे नव आयंबिलनो ओळी,
ओळीकरतां आपद जाये, ऋद्धि-सिद्धि लहीओ बहुली ॥१॥ अव...
आसोने चैत्रे आदरशुं, श्री सातमथी संभाली रे,
आळस मेळी आंबिल करशे, तसघर नित्य दिवाळी ॥२॥ अव....
पूनमने दिन पूरी थाये, प्रेमशुं पखाली रे,
सिद्धचक्रने शुद्ध आराथी, जाप जपे जपमाली ॥३॥ अव.....
देहरे जईने देव जुहारो, आदीश्वर अरिहंत रे,
चोवीसे चाहीने पूजो, भावशुं भगवंत ॥४॥ अव...
बे टंके पडिक्कमणुं बोल्युं, देववन्दन त्रण काल रे,
श्री श्रीपालतणी परे समजी, चित्तमां राखो चाल ॥५॥ अव....

समकित पामी अंतरजामी, आराधो अेकांत रे,
स्याद्वाद पंथे संचरता, आवे भवनो अंत ॥६॥ अव. . . .
सत्तर चोराणुये सुदि चत्रीये, बारसे बनावी रे,
सिद्धचक्र गाता सुख संपत्ति, चाळीने घेर आवी ॥७॥ अव. . . .
उदयरत्न वाचक जंपे; जे नरनारी चाले रे,
भवनी भावड ते भांजीने, मुक्तिपुरीमां म्हाले रे ॥८॥ अव. . . .

## थोय :

अरिहंत नमो वळी सिद्ध नमो,
आचारज-वाचक-साहु-नमो ।
दर्शन-ज्ञान-चारित्र नमो,
तप अ सिद्धचक्र सदा प्रणमो ॥

# सामायिक लेवानो विधि

## सामायिकमां जोईती वस्तुओः –

१. शुद्धवस्त्र, २. कटासणुं, ३. मुहपत्ती, ४. सापडो, ५. धार्मिक पुस्तक, ५. चरवळो, ६. घडी के घडीआळ, ८. नवकारवाळी.

१. प्रथम शुद्ध वस्त्र पहेरवां पछी :

२. चरवळाथी जग्या पूंजीने शुद्ध करवी.

३. गुरुनो योग न होय तो अेक ऊंचा आसन उपर धार्मिक पुस्तक, मुहपत्ती के नवकारवाळी मूकवी पछी :

४. मुहपत्ती डाबा हाथमां राखीने जमणो हाथ तेनी सन्मुख राखवोः

५. ते पछी–नमस्कार महामन्त्र तथा पंचिदिय–सूत्र कहीने तेमां आचार्यनी सामे तेमनी संमतिथी थाय छे. अेम समजवुं पछी :

५. अेक 'खमासमण' दईने, 'इरियावही सूत्र' कहेवुं.

६. पछी 'तस्स उत्तरी' तथा 'अन्नत्थ' सूत्र कही 'चंदेसु निम्मलयरा' सुधीनो अेक लोगस्सनो काउस्सग्ग करवो. लोगस्स न आवडतो होय तो चार वार 'नमस्कार मंत्र' बोलवो.

८. काउस्सग पारीने प्रगट 'लोगस्स' बोली अेक 'खमासमण' देवुं पछी :

९. 'इच्छाकारेण संदिसह भगवन् ! सामायिक मुहपत्ती पडिलेहुं ? 'इच्छं' अेम कहीने ५० बोलथी मुहपत्ती पडिलेहवी.

१०. पछी अेक 'खमासमण' दईने 'इच्छाकारेण संदिसह भगवन् ! सामायिक संदिसाहुं ?' 'इच्छं' अेम कहेवुं.

११. अेक 'खमासमण' दई 'इच्छाकारेण संदिसह भगवन्! 'सामायिक ठाऊं ?' 'इच्छ' अेम कहेवुं.

१२. पछी बे हाथ ललाटे जोडी अेकवार 'नमस्कार मंत्र' गणवो.

१३. पछी 'इच्छकारी भगवन्! पसायकरी सामायिक दंडक उच्चरावोजी अेम कहेवुं. त्यारे गुरु अथवा वडील न होय तो सायायिक लेनारे पोते 'करेमि भंते' अे सूत्र बोलवुं.

१४. पछी अेक 'खमासमण' दई इच्छाकारेण संदिसह भगवन्! 'बेसणे संदिसाहु ?' 'इच्छं' कही अेक 'खमासमण' दई.

१५. 'इच्छाकारेण संदिसह भगवन्! बेसणे ठाऊं ?' 'इच्छं' कही अेक 'खमासमण' दई :

१६. 'इच्छाकारेण संदिसह भगवन्! सज्झाय संदिसाहुं ?' 'इच्छं' कही अेक 'खमासमण' दई पछी :

१७. 'इच्छाकारेण संदिसह भगवन्! सज्झाय करुं ?' 'इच्छं' कही बे हाथ जोडी त्रण वार 'नमस्कार मंत्र' बोली, बे घडी अेटले अडतालीस मिनीट सुधी धर्मध्यान करवुं. शास्त्रनो पाठ लेवो. तेनो अर्थ शीखवो ते संबंधी प्रश्नोत्तरो करवा, धर्म–कथा–सांभळवी, अनानुपूर्वी गणवी, माळा फेरववी, अरिहंतनो जाप करवो धर्मध्याननो अभ्यास करवो. अे धर्मध्यान कहेवाय छे.

# सामायिक पारवानो विधि

१. प्रथम अेक 'खमासमण' दईने 'इरियावही' सूत्र कहेवुं.

२. पछी 'तस्स उत्तरी' 'अन्नत्थ' कही (चंदेसु निम्मलयरा सुधी) अेक लोगस्सनो अथवा चार नमस्कार मंत्रनो काउसग्ग करवो. पछी काउसग्ग पारीने :

३. प्रगट 'लोगस्स' कही अेक 'खमासमण' देवुं. पछी :

४. 'इच्छाकारेण' संदिसह भगवन् ! मुहपत्ती पडिलेहुं ? 'इ च्छं' अेम कहीने मुहपत्ती पडिलेहवी: पछी :

५. अेक 'खमासमण' दईने 'इच्छाकारेण संदिसह भगवन ! सामायिक पारुं ?' 'यथाशक्ति' अेम कहीने :

६. 'खमासमण' दइ 'इच्छाकारेण संदिसह भगवन् ! सामायिक पार्युं ?' 'तहत्ति' अेम कहीने :

७. जमणो हाथ चरवला अथवा कटासणा उपर स्थापीने अेक नवकार गणि 'सामाइय-वय-जुत्तो' सूत्र कहेवुं.

८. पछी जमणो हाथ सवळो राखी अेक नवकार गणी स्थापनाचार्य योग्य स्थाने मुकवा.

उपरा उपर बे के त्रण सामायिक करी शकाय, तेमां सज्झाय करुं' ने बदले 'सज्झायमां छुं' अेम कहेवुं पण दरेक वखते सामायिक पारवुं नहिं, १ थी वधारे सामायिक करवा होय तो बे पूरा थये अने त्रण करवा होय तो त्रण पूरा थये, अेक वार पारवुं. जो अेकी साथे आठ-दस सामायिक करवा होय तो पण त्रण-त्रण सामायिक पूरा थये पारवा. पण लेवा जरुरी छे.

# गुरुवंदन-विधि

आचार्य-उपाध्याय-के साधु जेओ पांच महाव्रतनुं पालन करता होय तेमनी समीपे साडा त्रण हाथ दूर उभा रही बे 'खमासमण' देवा—'इच्छामि खमासमणो ! वंदिउं, जावणिज्जाओ निसीहिआओ, मत्थओणवंदामि ॥ पछी उभा थईने इच्छकार ! सुहराइ ? (सुह-देवसि ?) सुख तप ? शरीर निराबाध ? सुख संजम-जात्रा निर्वहो छो जी ? स्वामी ? शाता छे जी !

(पछी गुरु जवाब आपे—देव?गुरु-पसायते सांभळीने शिष्य कहे) भात पाणीनो लाभ देजोजी ॥

पछी आदेश मांगी खमासमण मुद्राओ नीचा नमी 'इच्छाकारेण संहिसह भगवन ! अब्भुट्ठिओऽहं अब्भिंतर राइअं (बपोरना १२ वागता सुधी) देवसिअं (बपोरना १२ पछी) खामेऊं ? कहेवुं पछी गुरु कहे खामेह—ते सांभळीने 'इच्छं' 'खामेमि राईअं (देवसिअं)' कहेवुं.

ते पछी सूत्र : जंकिंचि अपत्तिअं, परपत्तिअं, भत्ते, पाणे, विणओ, वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे, अंतर भासाओ, उवरिभासाओ । जंकिंचि मज्झ विणय-परिहीणं सुहुमं वा बायरं वा तुब्भे जाणह अहं न जाणामि, तस्स मिच्छामि दुक्कडं"—

[ पछी पच्चक्खाण लेवुं होय तो लेवुं ]

# चैत्यवंदन करवानी विधि

विधि–प्रथम एक खमासमण.

सूत्र–इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाअे, निसिहीआअे मत्थअेण वंदामि ।

विधि–इरियावहो करवा.

सूत्र–इच्छारेण संदिसह भगवन् ! इरियावहियं पडिक्कमामि ? इच्छं ।

इच्छामि पडिक्कमिउं । इरियावहियाअे विराहणाअे ।

गमणागमणे । पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे, ओसा-उत्तिंग –पणग–दगमट्टि–मक्कडा–संताणा–संकमणे ।

जे मे जीवा विराहिया । अेगिंदिया, बेइंदिया, तेइन्दिया, चउरिन्दिया, पंचिंदिया । अभिहया, वत्तिया, लेसिया, संघाईया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओ ठाणं, संकामिया, जीवियाओ ववरोविया, तस्स मिच्छामि दुक्कडं ॥

तस्स-उत्तरी-करणेणं, पायच्छित्त-करणेणं, विसोही-करणेणं, विसल्ली-करणेणं, पावाणं-कम्माणं निग्घायणट्ठाअे ठामि काउस्सग्गं ॥

अन्नत्थ उससिअेणं नीससिअेण खासिअेणं छीअेणं, जंभाईअेणं उड्डुअेणं वाय-निसग्गेणं, भमलीअे पित्त-मुच्छाअे, सुहुमेहिं अंग-संचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं, सुहुमेहिं दिट्ठी-संचालेहिं.

अेवमाईअेहिं आगारेहिं अभग्गो अविराहिओ, हुज्ज मे काउस्सग्गो ।

जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि, ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥

विधि—१ लोगस्स अथवा ४ नवकार नो काउस्सग्ग करवो.

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तईस्सं, चउवीसंपि केवली ॥१॥

उसभ मजिअंचवंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥

सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस वासुपूज्जं च ।
विमल मणंत च जिणं, धम्मंसंतिं च वंदामि ॥३॥

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणंच ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥

अेवं मअे अभिथुआ, विहुय-रय-मला पहीणजर-मरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥

कित्तिय-वंदिय-महिया, जे अे लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग–बोहिलाभं, समाहिवर मुत्तमं दिंतु ॥५॥

चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

विधि—उपर प्रमाणे, १ लोगस्सनो काउस्सग्ग चंदेसुनिम्मलयरा सुधी करीने काउस्सग्ग पारीने प्रगट लोगस्स बोलवो. आ प्रमाणे इरियावही नी विधि पूरी थया पछी चैत्यवंदन करवा माटे त्रण खमासमण देवा. पछी इच्छाकारेण संदिसह भगवन् ! चैत्यवंदन करुं ? इच्छं, कही डाबो ढींचण ऊंचो करी).....

सूत्र—सकल कुशलवल्ली–पुष्करावर्तमेघो,
दुरित तिमिर भानुः, कल्पवृक्षोपमानः ।
भवजलनिधिपोतः, सर्व संपत्ति हेतुः,
सभवतु सततं वः श्रेयसे शान्तिनाथः ॥ श्रेयसे पार्श्वनाथः ॥

पछी गमे ते अेक चैत्यवंदन बोलवुं. पछी :

सूत्र : जं किंचि नाम तित्थं, सग्गे पायालिमाणुसे लोअे,
जाईं जिणबिंबाईं, ताईं सव्वाईं वंदामि ॥१॥
नमुत्थुणं अरिहंताणं भगवंताणं ॥१॥
आइगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं ॥२॥
पुरिसुत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुंडरीयाणं,
पुरिसवरगंधहत्थीणं ॥३॥
लोगुत्तमाणं, लोगनाहाणं लोगहीयाणं लोगपइवाणं,
लोगपज्जोअगराणं ॥४॥
धम्मदयाणं धम्मदेसयाणं, धम्मनायगाणं, धम्मसारहीणं
धम्मवर चाउरंत चक्कवट्टीणं ॥५॥
अप्पडिहयवरनाणदंसणधराणं, वियट्टछउमाणं ॥६॥
जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं, बुद्धाणं बोहयाणं,
मुत्ताणं मोअगाणं ॥८॥
सव्वन्नूणं सव्वदरिसीणं, सिवमयलमरूअमणंतमक्खयमव्वाबाहम-
पुणरावित्ति,
सिद्धिगई नामधेयं ठाणं संपत्ताणं नमो जिणाणं जिअभयाणं ॥९॥
जे अ अईआ सिद्धा, जे अ, भविसंतिणागअे काले,
संपईअ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ॥१०॥

सूत्र—जावंति चेईआइं, उड्ढे अ अहे अ तिरिअलोअे ।
सव्वाईं ताईं वंदे, इह संतो तत्थ संताइं ॥१॥ अे सूत्र बोलवुं ।

विधि—ते पछी अेक खमासमण देवुं, 'इच्छामि खमासमणो । वंदिउं जावणिज्जाअे निसीहीआअे मत्थअेण वंदामि" बोलवुं. ते पछी :

सूत्र— 'जावंत के वि साहू, भवहेरवय–महाविदेहेअ ।
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंड-विरयाणं ॥१॥

सूत्र—नमोऽर्हत्-सिद्धाचार्योपाध्याय-सर्व-साधुभ्यः ! बोलीने पछी

विधि—ते पछी कोई पण अेक स्तवन पूर्वाचार्योअे बनावेलुं बोलवुं. ते उपसर्गहर सूत्र बोलवुं.

सूत्र-"उवसग्गहरं पासं, पासं वंदामि कम्म-घण-मुक्कं ।
विसहर-विस-निन्नासं, मंगल-कल्लाण-आवासं ॥१॥

विसहर-फुलिंग मंतं, कंठे धारेई जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठज्जरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहुफलो होई ।
नर-तिरिअेसुवि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥३॥

तुह सम्मत्ते लध्धे, चिंतामणि-कप्पपायव-ब्भहिअे ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

इअ संथुओ महायस ! भत्ति-ब्भर-निब्भरेण हियअेण ।
ता देव ! दिज्ज बोहिं, भवे भवे पास-जिणचंद ॥५॥

विधि—पछी बे हाथ मस्तके (ललाटे) धरी 'जयवीयराय सूत्र भवमखंडा' सुधी कहेवुं. पछी बे हाथ नीचा उतारी 'जयवीयराय' सूत्र करवुं.

सूत्र—जय वीयराय ! जग-गुरु ! होऊं ममं तुह पभावओ भयवं !
निव्वेओ मग्गाणु-सारिआ इट्ठफल-सिद्धी ॥१॥

लोगविरुद्ध-च्चाओ, गुरुजण-पूआ परत्थकरणंच ।
सुहगुरु-जोगो तव्वयण-सेवणा आभवमखंडा ॥२॥

वारिज्जइ जईवि नियाण-बंधणं वीयराय ! तुह समये ।
तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ॥३॥

दुक्ख-खओ कम्म-खओ, समाहि-मरणं य बोहिलाभोअ ।
संपज्जउ मह अेअं, तुह नाह ! पणाम करणेणं ॥४॥

सर्व-मंगल-माङ्गल्यं, सर्व-कल्याण-कारणम् ।
प्रधानं सर्व-धर्माणां जैनं जयति शासनम् ॥५॥

विधि—पछी उभा थई 'अरिहंत चेईयाणं' सूत्र बोलवुं.

सूत्र—अरिहंत-चेईयाणं करेमि काउसग्गं ।

वंदण-वत्तियाअे पूअण-वत्तियाअे सक्कार-वत्तियाअे सम्माण-वत्तियाअे बोहिलाभ-वत्तियाअे निरुवसग्ग-वत्तियाअे, सद्धाअे मेहाअे धिईअे धारणाअे अणुप्पेहाअे वड्ढमाणीअे, ठामि काउस्सग्गं ॥

बोल्यापछी 'अन्नत्थ' सूत्र बोलवुं :-

सूत्र—अन्नत्थ-ऊससिअेणं नीससिअेणं खासिअेणं छीअेणं जंभाईअेणं उड्डुअेणं वाय-निसग्गेणं, भमलीअे पित्त-मुच्छाअे, सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेल-संचालेहिं सुहुमेहिं दिट्ठी-संचालेहिं, अेवमाईअेहिं आगारेहिं, अभग्गो अविराहिओ हुज्ज मे काउसग्गो। जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि; ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥

विधि—बोलीने अेक नवस्कारनो काउसग्ग करवो. पछी काउसग्ग पारीने 'नमोऽर्हत' सूत्र कहीने थोय[1] कहेवी. पछी अेक 'खमासमण' देवुं.
[पछी पच्चक्खाण जे लेवुं होय ते लेवुं).

१. पाछळ दरेक भगवाननी थोय आपेली छे.

# श्री महावीर विद्यार्थी कल्याण केन्द्र

## विद्यार्थी कल्याणार्थे कायमी चालु फंडमां दानार्थे दाताओने

# नम्र विनंति

ट्रस्टनुं नाम—"श्री महावीर विद्यार्थी कल्याण केन्द्र"

आ ट्रस्टने ८०जी ना नियमानुसार "कर माफी पत्र" पण मळ्युं छे जेथी दाताओने आ ट्रस्टने आपेली रकम उपर कर-माफी मळे छे. आ ट्रस्टनुं बेन्कमां खातुं छे सर्व व्यवहार बेन्क मारफत थाय छे. दाताओ चेक अथवा ड्राफ्टथी दान आपी शके छे. "Shree Mahavir Vidyarthi Kalyan-Kendra" ना नामनो चेक लखवा विनंती छे.

आ ट्रस्टना अमुक खाताओमां प्राप्त थयेली रकम कायम राखी मात्र व्याज वापरवामां आवे छे तथा अमुक खाताओमां सीधी रकम वापरवामां आवे छे. खाताओ नीचे मुजब छे.

## कायमी खाताओ

- शिबिर फंड
- पोस्टल ट्युशन फंड
- पुस्तकालय-वांचनालय फंड
- स्पर्धा-इनामादि फंड
- यात्रादि प्रवास फंड
- प्रकाशन फंड/चालु खातु

## चालु खाताओ

- साधर्मिक उत्कर्ष खातु
- प्रचार खातु
- चार्ट-चित्रादि प्रदर्शन खातु
- व्याख्यान/क्लासादि आयोजन खातु
- मांदा-मावजत सहाय खातु
- राहत-कार्य खातु

—पुण्यशाली दाताओने विनम्र विनंती करवामां आवे छे के उपरोक्त खाताओ स्वेच्छाथी योग्य दान-राशि आपीने अमोने शासन सेवा करवानी उत्तम तक आपो. आपनाज सदयोगे आपनी इच्छा पूर्ण करवा अमे प्रयत्नशील रहीशुं. दाननी आपेल रकम बदल दाताओने पावती लेवा खास विनंती छे.

## प. पू. मुनिराज श्री अरुणविजयजी महाराज प्रेरित

# श्री महावीर विद्यार्थी कल्याण—केन्द्र

### —दानवीर दाताओने दानार्थे नम्र अपील—

### —श्री महावीर शिक्षण शिबिर फंडमां दानार्थे—

### ❀ कायमी योजनाओ ❀

❖ २१०१) आपनार दातानी रकमना व्याजमांथी प्रत्येक शिबिरमां दाता तरफथी अेक विद्यार्थी कायम भणशे.

❖ २००१) शिबिरनी कायमी अेक तिथि खाते.

❖ १५०१) आपनार दाता तरफथी शिबिरमां बपोरनुं अेक टंकनुं उत्तम जमण आपवामां आवशे.

❖ १००१) आपनार दाता तरफथी शिबिरमां सांजनुं अेक टंकनुं जमण आपवामां आवशे.

❖ ५०१) नी रकम सर्व सामान्य फंड खाते लेवामां आवशे.

आ उपरांत साहित्य-प्रकाशन, प्रचारार्थे, इनामार्थे स्मृति-भेटरुपे, पोस्टल टयुशन, यात्रा-प्रवासार्थे, तथा साधर्मिक-भक्ति आदि विविध खाताओमां कायमी/अथवा चालु स्वरुपे उदार हाथे अनेक रुपे दान आपी उत्तम लाभ लेवा दाताओने नम्र विनंती छे. "सरकयुलेटिंग-लायब्रेरी" माटे श्री म. वि. क. क्रेन्द्रने पुस्तको पण भेंट स्वरुपे आपी शकाशे

अेक हजार अने तेनी उपरनी रकमना दानवीर दाताओनुं नाम श्री म. म. वि. क. केन्द्रना प्रकाशनोमां छापवामां आवशे.

ार अने तेनी उपरनी रकमना दानवीर दाताओ 'साधवा विनंति छे.
केन्द्रना प्रकाशनोमां छापवामां आवशे.

सलाहकार ... (ट्रस्टीओ)

अेक हजार अने तेनी उपरनी रकमना दानवी

जयन्तिल... हेता

म. वि. क. केन्द्रना प्रकाशनोमां छापवामां आ

दीपचंद... नी उपरनी रकमना दानवीर दाताओ 'साधव ...गी

किरणभाई काशनोमां छापवामां आवशे

प्रो. रमणलाल ... (ट्रस्टीओ)

... अने तेनी उपरनी रकमना दानवी ...डीया

संगीता प्रिंटिंग प्रेस, छठवां रास्ता, सांताक्रुझ (पूर्व), बम्बई-५५.